|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ● પોષ વદ -૧૨ ● તા : ૨૯-૦૧-૨૨ ● શનિવાર SDP NO:648 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ ગ્રીનલેન્ડ કાઉન્સલીગ અંતર્ગત સૌરાષ્ટ્ર રીજીયન Sunday Quiz SUR.

સન્ડે કિવઝનો વિચાર અમારા સૌરાષ્ટ્ર રીજીયનના એજયુકેશન એન્ડ ટેલેન્ટ હન્ટના કન્વિનર શ્રી વિનોદ ઘોઘારીને આવેલ અને તેઓએ તેના પર ધ્યાન કેન્દ્રિત કરી સમગ્ર આયોજનને ખુબ જ સરસ રીતે આખરી ઓપ આપેલ છે. આ કાર્યમાં રીજીયનના આ થીમના પીડીઓ ચાંદનીબેન નાકરાણીએ યોગ્ય સહકાર આપેલ છે. આ કાર્યક્રમને રસપ્રદ બનાવવા તેમજ રિજીયન ની તમામ ઘટક સમાજના દરેક સભ્યોને આ કાર્યક્રમનો લાભ મળે તે માટે આ પ્રોજેક્ટને લોંચ કરવાની પરવાનગી રિજીયનના ચેરમેન ડૉ. જયેશ ભગતે આપેલ હતી.

Sunday Quiz SUR નો હેતુ....

આપણી સમાજના વિદ્યાર્થીઓ અને અન્ય સભ્યોને ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડવાનો રહેલ છે. આ ક્વિઝનો લાભ વાંચી અને સમજી શકે તેવી તમામ ઉમરના વ્યક્તિઓ લઇ શકે છે. આપણે રમત ગમત ક્ષેત્રે સચિન તેંડુલકર વિશે જાણીએ જ પરંતુ તે સાથે અન્ય ઘણા ખેલાડીઓએ ભારતનું નામ રોશન કરવામાં તેમનું યોગદાન આપેલ છે તેને પણ જાણવા એટલા જ જરૂરી છે.

આપણે શહિદ વિર ભગતસિંહ વિષે જાણીએ જ પરંતુ તેની સાથે ભારતની સ્વતંત્રતા માટે બીજા અનેક વ્યક્તિઓનું અભુતપૂર્વ યોગદાન રહેલું છે તેને આપણે નથી જાણતા હોતા. એ અનેક અજાણ સ્વતંત્રતા સેનાનીઓ અને શહિદો વિશે આપણને જાણ હોવી જરૂરી છે.

આજની યુવા પેઢીમાં વેલેન્ટાઈન ડે, રોઝ ડે વગેરે ઉજવવા વિશેની માહિતી છે પરંતુ વર્લ્ડ હેરિટેજ ડે, વર્લ્ડ એન્વાયરનમેન્ટ ડે વગેરે જેવા દિવસોની માહિતી થી અજાણ છે.

જુદા જુદા અનેક વિષયોને ધ્યાનમાં રાખીને અને આપણે સમયને બરબાદ કરતી રમતો ન રમતા, Sunday Quiz SUR રમીએ અને આપણા જ્ઞાનમાં વધારો કરીએ એવા શુભ હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયેલ છે.

જેહક્કક્રઅ ઊૈડ જેંઇ ની વિશેષતા એ છે કે....

ભાગ લેનાર ગણતરીની ક્ષણોમાં પ્રમાણપત્ર(પ્રશંસાપત્ર) તેના ઈ-મેઈલમાં પ્રાપ્ત કરી શકે છે. ભાગ લેનાર પ્રમાણપત્ર(પ્રશંસાપત્ર) મેળવીને ખુબ જ આનંદ અનુભવે છે.

Sunday Quiz SUR નું અનાવરણ....

વધુમાં જણાવવાનું કે આ Sunday Quiz SUR નું અનાવરણ સૌરાષ્ટ્ર રીજીયનની પ્રથમ કારોબારી સભા અને સ્નેહ મિલન વખતે થયેલ હતી. આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં ગ્રીનલેન્ડ કાઉન્સીલના સેક્રેટરી શ્રી મિનેષ વાડીયા ઉપસ્થિત રહેલ હતા અને તેઓએ Sunday Quiz SUR પ્રોજેક્ટને ખુબ જ મહત્વતા આપેલ હતી. તેઓ પણ આ કિવઝનો લાભ લઈ રહ્યા છે. તેનો લાભ રિજીયનના ઘણા સભ્યો ઉત્સાહ પૂર્વક ભાગ લઈ રહ્યા છે સાથે સાથે અન્ય રિજીયનના સભ્ય પણ આ ક્વીઝનો લાભ લઇ અમને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે. ભાગ લેનારની સંખ્યામાં અને તેની લોકપ્રિયતામાં સતત વધારો થઈ રહ્યો છે.

Education & Talent Hunt (SUR)
Convenor : Vinodbhai Ghoghari
PDO : Chandaniben Nakarani

સંકલનઃપ્રવક્તા (PRO)ચેતન પોકાર (રાજકોટ વેસ્ટ)

કોટડા ઉગમણા પાટીદાર સમાજ દ્વારા સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન કેમ્પ

યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન અંતર્ગત મેડિકલ ચેકઅપ કેમ્પ-૧૦ કોટડા ઉગમણા લક્ષ્મીનારાયણ સનાતન સમાજ ખાતે આયોજીત કરવામાં આવ્યો

સૌ પ્રથમ સવાર ના ૭:૦૦ વાગ્યે શ્રી સમાજ ના પ્રમુખશ્રી મોહનભાઇ પોકાર ,ઉપપ્રમુખ ચંદુભાઈ ભાવાણી, મંત્રીશ્રી વિનોદભાઈ ધોળું , તેમજ યુવક મંડળ ના પ્રમુખ કિશોરભાઈ ભગત,ઉપપ્રમુખ વિરેન્દ્રભાઈ લીંબાણી, મંત્રીશ્રી વિનોદભાઈ ધોળું.

માનવ વિકાસ એજયુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ ના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ ભાવાણી મંત્રી શ્રી હરેશભાઇ વાસાણી ખજાનચી શ્રી રમણીકભાઇ સેંઘાણી તેમજ ટ્રસ્ટી શ્રી દેવરામભાઇ ધોળું અને ગામ ના સ્થાનિક ડૉ. અતુલભાઈ રામાણી યુવાસંઘ પૂર્વ કચ્છ રિજિયન કર્મભૂમિ ડિવિઝન હેલ્થ એન્ડ ડિઝાસ્ટર કનવિનર હિતેશભાઈ પોકાર દીપ પ્રાગટય કરી કેમ્પ ને ખુલ્લો મુક્યો હતો.

સ્થાનિક યુવક મંડળ ના મંત્રીશ્રી વિનોદભાઈ ધોળું એ આવેલા સૌ હોદેદારો તેમજ મેડિકલ ટીમનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ મેડિકલ કેમ્પમાં કુલ-૮૧ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો જેની રજીસ્ટ્રેશન વ્યવસ્થા ધવલભાઈ ભગત (કર્મભૂમિ ડિવિઝન શિક્ષણ કનવીનર), હર્ષદભાઈ પરવાડીયા, નરેન્દ્રભાઈ લીંબાણી, ભાવિકભાઈ ભગત (કર્મભૂમિ ડિવિઝન વેબકોમ કન્વીનર), અને અમૃતાબેન છાભૈયા એ સંભાળી હતી

મેડિકલ કેમ્પ અંતર્ગત લાભાર્થીઓ માટે કોફી - નાસ્તાની વ્યવસ્થા સ્થાનિક યુવક મંડળના કારોબારી સભ્યો એ સંભાણી હતી.

યુવક મંડળ ના પ્રમુખશ્રી કિશોરભાઈ ભગત એ દાતાશ્રી નો આભાર માન્યો હતો તેમજ યુવાસંઘ ની આ મેડિકલ કેમ્પ ની કામગીરી બિરદાવી સૌનો આભાર માન્યો હતો

પૂર્વ કચ્છ રિજીયન પ્રચાર પ્રસાર ટીમ

પૂર્વ કચ્છ રિજીયન યુવાસંઘ. સ્વર્ણિમ સંપર્ક યાત્રા



તા ૨૬/૦૧/૨૦૨૨ના રોજ પૂર્વ કચ્છ રિજીયન દુજાપર અને વડવા ના દ્વારે...

માંડવી ડિવિઝન માં આવતા દુજાપર અને વડવા યુવક મંડળ માં સ્વર્ણિમ સંપર્ક યાત્રા નું આયોજન કરવામાં આવ્યું ....

યુવક મંડળ દ્વારા આવેલ રિજીયન ના હોદેદારો ને ગામજનો દ્વારા મીઠો આવકાર કરવામાં આવેલ

રિજીયન સલાહકાર શાન્તિ ભાઈ ભગત એ યુવાસંઘની રચના અને માણખા વીસે માહિતી આપી રિજીયન કન્વિનર સુભાષભાઈ રૂડાણી રૂજીદ્ધ ની માહિતી આપી રિજીયન સેક્રેટરી વિનોદભાઈ લીંબાણી સામાજિક ર આધ્યાત્મિક થીમની માહિતી સાથે આપણી સમાજને શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ થાય તેવા પ્રયાસો યુવાસંઘ દ્વારા આવનારા તા ૨૭/૨/૨૦૨૨ ના ગાંધી ધામ પાટીદાર ભવન ખાતે શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ પ્રશિક્ષણ કાર્યક્રમ નું આયોજન યોજવા જઇ રહ્યું છે.

રિજીયન પ્રવક્તા જીતેશ હળપાણી સનાતન ધર્મ પત્રિકા વિસે માહિતી સાથે આપણી સમાજનુ આ મેગેઝિન સમાજના લોકો સુધી કઇ રીતે પહોંચે તેની માહિતી આપી સ્વર્ણિમ સંપર્ક યાત્રા દુજાપર સમાજના પ્રમુખ નારણ ખીમજી ચૈહાણ મંત્રી જેન્તીલાલ ભગત યુવક મંડળ ના પ્રમુખ વિનોદ પ્રેમજી દિવાણી મંત્રી અરવિંદ ઘોળુ મોહન દિવાણી નરશીહ ભગત ભરત ચૈહાણ વડવા સમાજના પ્રમુખ ડાહ્યાલાલ વાસાણી મંત્રી બાબુભાઇ વાસાણી યુવક મંડળ પ્રમુખ રમેશ વાસાણી મંત્રી દિક્ષિત પોકાર સમાજના પૂર્વ મંત્રી લવજીભાઈ પોકાર મનસુખ વાસાણી મહિલા મંડળ પ્રમુખ વિમળાબેન પોકાર મંત્રી પ્રવીણાબેન વાસાણી યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન રિજીયન ચેરમેન સુરેશભાઈ ભગત મિસન ચેરમેન અશોકભાઈ ઠાકરાણી મંત્રી શ્રી રમેશભાઈ રામાણી સલાહકાર શાન્તિભાઈ ભગત ખજાનચી અજયભાઈ પરવાડીયા ડિવિઝન પ્રમુખ મનોજભાઈ દડગા ઉ.પ્રમુખ મુકેશ ભાઈ વાસાણી મંત્રી પીયૂષભાઈ લીંબાણી લીંબાણી રમેશભાઈ સેંઘાણી મુકેશભાઈ ગિરીશભાઈ જેવિન ભાઈ કુપેશભાઇ સંદિપ ગોગારી પ્રકાશ વેલાણી તેમજ કારોબારી સભ્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા..

સમાજના પ્રમુખશ્રી દુજાપર સમાજના પ્રમુખ નારણ ખીમજી ચૈહાણ સમાજની એકતા જળવાય તેવી ટકોર સાથે રાજકારણ માં યુવાનો આગળ આવે સાથે યુવાસંઘ ની કામગીરી ને બિરદાવી સાથે આશિર્વાદ પ્રવચન આપેલ..

આ સ્વર્ણિમ સંપર્ક યાત્રા નું સંચાલન મંડળ ના કારોબારી સભ્ય અને રિજીયન સામાજિક આધ્યાત્મિક કન્વિનર મોહન નથુ વાસાણી દ્વારા કરવામાં આવેલ

જીતેશ હળપાણી પ્રવક્તા પૂર્વ કચ્છ રિજીયન

યુવાસંઘ ના પુર્વ પ્રેસિડેન્ટ શ્રી ગૌરાંગભાઈ ધનાણીના સુપુત્ર ભાવિકના લગ્ન પ્રસંગમાં શ્રી સમાજ ના મહાનુભાવો અને યુવાસંઘના કર્ણધારો હાજર

યુવાસંઘ ના પુર્વ પ્રેસિડેન્ટ **શ્રી ગૌરાંગભાઈ ધનાણી**, કડોદરા ના **સુપુત્ર ભાવિક** અને યુવાસંઘ ના પુર્વ કાઉન્સિલ પ્રેસિડેન્ટ શ્રી મંગલભાઈ રવાણી, ઔરંગાબાદ ની **સુપુત્રી ભક્તિ** ના શુભ લગ્ન પ્રસંગે દાંપત્યજીવન માં પ્રભુતામાં પગલા માંડતા નવયુગલ ને આશીર્વાદ આપવા સાપુતારા ખાતે ઉપસ્થિત શ્રી સમાજ ના મહાનુભાવો અને યુવાસંઘ ના કર્ણધારો હાજર રહી નવદંપતી ની જોડી હમેશા સુખી અને સલામત રહે એવી શુભેચ્છાઓ સાથે આશીર્વાદ આપી બન્ને પરીવાર ની ખુશીઓ માં સામીલ થઈ પ્રસંગ ની શોભા વધારી

સાબર રીજીયન દ્વારા YSK ઓનલાઈન મીટીંગ યોજાઇ ગઈ.



સાબર રીજીયનની YSK ઓનલાઈન કાર્યશાળા રીજીયન ચેરમેનશ્રી દિલીપ ધોળુની અધ્યક્ષતામાં તારીખ ૧૮.૦૧. ૨૨ ના રોજ રાત્રે ૯ વાગ્યે યોજાઈ ગઈ.જેમાં રીજીયન કન્વીનરશ્રી શૈલેષ રૂડાણી અને આઠ ડિવિઝનના ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રી,YSK કન્વીનર અને રીજીયનના કારોબારી સભ્યો જોડાયા હતા. સેન્ટ્રલ યુવાસંઘ YSK CEOશ્રી સૌરભ રામાણી, રીજીયન IPCશ્રી મિનેશ વાડિયા, ચીફ સેક્રેટરી શ્રી મિતેશ છાભૈયા, મિશન બિપિન રંગાણી, ખજાનચીશ્રી અલ્પેશ રામાણી, વેબકોમ કન્વીનરશ્રી સંજય સુરાણી તેમજ રીજીયન કારોબારી સભ્યો જોડાયા હતા.

સૌપ્રથમ મિટિંગમાં જોડાયેલ દરેક કારોબારી સભ્યોનું શબ્દો રૂપી સ્વાગત ખજાનચીશ્રી અલ્પેશ રામાણી દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ પ્રાર્થના કરી મીટીંગ ની શરૂઆત કરવામાં આવેલ.

પ્રાર્થના બાદ સાબરકાંઠા ઝોન પૂર્વ પ્રમુખશ્રી નરસિંહભાઈ ધનજીભાઈ રામાણી- ચોટાસણકંપાના અવસાન નિમિત્તે બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ.

સેન્ટ્રલ યુવાસંઘ દ્વારા કરવામાં આવેલ રૂજીદ્ધ કાર્યશાળાની ચર્ચા અને અહેવાલ YSK CÉ સૌરભ રામાણી દ્વારા આપવામાં આવેલ, તેમાં તેમણે જણાવ્યું કે દરેક કાર્યકર્તાઓએ પોતપોતાના વિભાગમાં પ્રયત્ન કરવા.તેમાં કંઈ પણ મુશ્કેલી આવે તો રીજીયન અને સેન્ટ્રલ યુવાસંઘની ટીમ તેમની સાથે જ છે.

યારબાદ રીજીયનના આઠ ડિવિઝન YSK કન્વીનર પાસેથી રૂજીદ્ધ નો ગતિવિધિનો અહેવાલ લેવામાં આવેલ. અને દરેક ડિવિઝન પાસેથી નવા YSK માટેના કમિટમેન્ટ લેવામાં આવ્યા.જેમાં દરેક ડિવિઝન દ્વારા ૧૦૦ થી ૨૦૦ નવા રૂજીદ્ધ સભ્યોને જોડવા કમિટમેન્ટ આપેલ. સાથે સાથે ડિવિઝન દ્વારા YSK અંગે જે પણ પ્રશ્નો કે મુશ્કેલી હતી તે સૌરભ રામાણી દ્વારા વ્યવસ્થિત જવાબ આપી નિરાકરણ લાવવામાં આવ્યું હતુ. આ અંગે સૌરભ રામાણીએ જણાવ્યું કે દરેક કારોબારી સભ્યોએ YSK નું બંધારણ એકથી બે વખત વાંચી લેવું અને પુરુ સમજી લેવું જેથી YSK અંગેના દરેક મૂંઝવણ ના જવાબ આપણને જલદી મળી શકે. તેમણે સાથે એ પણ જણાવ્યું કે આવી કોરોનાની મહામારીમાં ઘણા બધા કાર્યકર્તાઓને મુશ્કેલી આવશે પણ YSK ની બંધારણ જોગવાઈમાં રહીને કાર્ય કરવા પડશે જેથી આ યોજનાને આપણે ભવિષ્યમાં લાંબી ચલાવી શકાય.

ત્યારબાદ મિટિંગમાં ખુલ્લા મંચ તરીકે જોડાયેલ કારોબારી સભ્યોને પોતાની વાત કરવાનો મોકો આપેલ જેમાં કારોબારી સભ્યોએ YSK ને લગતા પ્રશ્નો કરેલ અને તેમના ઉચિત સુજાવ પણ રીજીયન કોર ટીમે આપેલ હતા.

ત્યારબાદ સાબર રીજીયન YSK કન્વીનરશ્રી શૈલેષ રૂડાણી દ્વારા YSK ની ગતિવિધિને માહિતી આપેલ જેમાં અત્યાર સુધી થયેલ દિવંગત સંખ્યા રીજીયન રૂજીદ્ધ સભ્ય સંખ્યા અને સેન્ટ્રલ માં આપેલ કમિટમેન્ટ ને પહોંચી વળવાની જાણકારી આપેલ. ડીવીઝનમાં થતાં YSK અંગે જાગૃતિ અને મુશ્કેલીઓને પહોંચી વળવા માટે YSK ટિમ હંમેશા સાથે રહેશે તેવો પૂરો વિશ્વાસ આપેલ. ડિવિઝનના દરેક YSK કન્વીનર ઝૂમ મિટિંગમાં જોડાવા બદલ તેમનો આભાર માન્યો હતો.

ત્યારબાદ રીજીયન IPCશ્રી મિનેશ વાડીયાએ પોતાના મંતવ્યોમાં જણાવ્યું કે આ યોજનામાં વધુમાં વધુ સંખ્યા કેવી રીતે જોડવી અને આ યોજનાથી કોઇ વંચિત ના રહી જાય તેની માહિતી આપી.

ત્યારબાદ સેન્ટ્રલ YSK CEO સૌરભ રામાણીએ પોતાના મંતવ્યોમાં જણાવ્યું કે આ યોજનાને સફળતાપૂર્વક આગળ લાવી હશે તો ડિવિઝનના દરેક ચેરમેન અને YSK કન્વીનર ની એક ઓફલાઈન રૂબરૂ મળીને મીટીંગનું આયોજન કરવું પડશે.

ત્યારબાદ મોડાસા ડિવિઝન ચેરમેન ઘનશ્યામ નાકરાણીએ ભરતભાઈ સુરાણી- ઈશ્વરપુરાકંપાની તબિયતની માહિતી આપી અને હાલમાં તે સ્વસ્થ અને તંદુરસ્ત છે તેમ જણાવ્યું. તેમણે એ પણ જણાવ્યું કે દરેક ડિવિઝનને આ YSK યોજનાની માહિતી નાનામાં નાના કંપા સુધી પહોંચાડવી પડશે.

આ મીટીંગ દરમિયાન રીજીયન મિશન ચેરમેન બીપીન રંગાણી અને ચીફ સેક્રેટરી મિતેશ છાભૈયાએ પણ દરેક ડિવિઝનના કાર્યકર્તાઓને આ યોજના અંગે જાગૃત કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

મિટિંગની અંત તરફ જતા રીજીયન ચેરમેન દિલીપ ધોળુએ ડિવિઝનના દરેક ચેરમેન સેક્રેટરી અને YSK કન્વીનરનો મિટિંગમાં જોડાવા બદલ આભાર માન્યો. કેન્દ્રીય યુવાસંઘના ચીફ જનરલ સેક્રેટરી ભરત છાભૈયાનો આ મિટિંગ માં જોડાવા બદલ આભાર માન્યો હતો. તેમણે ડિવિઝનમાંથી વધુ મિત્રો જોડાયા અને આ યોજનાને આગળ લઈ જવા માટે પોતાના કમિટમેન્ટ આપ્યા જેથી આ યોજનાને સફળ બનાવવા ખુબ ઉપયોગી થશે તેવું જણાવ્યું.

ત્યારબાદ મીટીંગના અંતે રીજીયન ખજાનચી અલ્પેશ રામાણીએ મીટીંગમાં જોડાયેલ રીજીયનના દરેક કારોબારી સભ્યોનો અને સેન્ટ્રલ યુવાસંઘ સભ્યોનો આભાર માની મીટીંગ પૂર્ણ જાહેર કરેલ.

સાબર રીજીયન PRO ધ્રુવ ચૌહાણ

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા

તારીખ : ૨૭/૦૧/૨૦૨૨ ગુરુવાર
સ્વ. રામજીભાઈ (વેલજીભાઈ) અરજણભાઈ જાદવાણી
ઉમર : ૬૯ વર્ષ
કચ્છ માં ગામ : નેત્રા હાલે : ભેસ્તાન, સુરત

તારીખ : ૨૮/૦૧/૨૨ શુક્રવાર
સ્વ. શાંતિલાલ માવજીભાઈ છાભૈયા ઉમર : ૫૩ વર્ષ.
કચ્છ માં ગામ : દેવિસર હાલે : આણંદ (ગુજરાત)

સ્વ. કુંવરબેન કરસનભાઈ ડાયાણી ઉમર : ૭૮ વર્ષ
કચ્છ માં ગામ : ધાવડા મોટા હાલે : બેંગલોર (કર્ણાટક)
ઉમર ને લઈને અવસાન

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાથના
શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ...

ભરતનાટ્યમ નૃત્યમાં ગ્રેજ્યુટ



હાલે ઔરંગાબાદ નિવાસી 'રમેશભાઈ રવજીભાઈ લખાણી' ની સુપુત્રી રિધ્ધિબેને...

'ભરતનાટ્યમ' નૃત્યમાં ફર્સ્ટ ક્લાસ સાથે 'ગ્રેજ્યુએટ (વિશારદ)' થઈ પોતાનો પરિવાર તેમજ ઔરંગાબાદ સમાજનું નામ રોશન કરેલ છે.

'રિધ્ધિબેનને' મધ્ય મહારાષ્ટ્ર રીજીયન વતી ખુબ ખુબ અભિનંદન સાથે ઢેર સારી શુભેચ્છાઓ.

SABKKP યુવાસંઘ.
મધ્ય મહારાષ્ટ્ર રિજીયન.
સાગરભાઈ ભાવાણી.(રીજીયન PRO)